Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૦ મું
અંક ૬-૭
૧૫ એપ્રીલ

ચૈત્ર-વૈશાખ

વીર સં. ૨૪૯૦
વિ. સં. ૨૦૨૦
ઇ. સ. ૧૯૬૪

अह पन्नरसहिं ठाणेहिं, सुविणीए त्ति वुच्चइ । नीयावत्ती अचवले, अमाई अकुऊहले ॥७॥
अप्पं च अहिक्खिवई, पबन्धं च न कुव्वई । मेत्तिज्जमाणो भयई, सुयं लध्धुं न मज्जई ॥८॥
न य पावपरिक्खेवी, न य मित्तेसु कुप्पई । अप्पियस्साऽवि मित्तस्स रहे कल्लाण भासई ॥९॥
कलहडमरवज्जिए, बुद्धे अभिजाइए । हिरिमं पडिसंलीजे, सुविणीए त्ति वुच्चई ॥१०॥

આ પંદર કારણોને લીધે મનુષ્ય સુવિનીત-વધારે સારી રીતે વિનયવાળો ગણાય છે.

પહેલું નમ્ર હોય એટલે ઉદ્ધત ન હોય, બીજું અચપળ હોય, ત્રીજું શઠતા-લુચ્ચાઇ-કપટ વિનાનો હોય એટલે કે સરળ હોય, ચોથું કુતૂહલી ન હોય એટલે ગંભીર હોય, પાંચમું કોઇનું અપમાન ભાગ્યે જ કરતો હોય, છઠ્ઠું જેને ક્રોધ આવ્યા પછી વધારે વખત ન ટકતો હોય અર્થાત્ જે જલ્દી શાંત થઇ જતો હોય, સાતમું પોતા તરફ મિત્રભાવે વર્તનારા સાથે પૂરા સદ્ભાવથી વર્તતો હોય, આઠમું વિદ્યા મેળવીને અભિમાન ન કરતો હોય, નવમું કોઇના દોષોને બોલ બોલ ન કરતો હોય વા દોષગ્રાહી ન હોય, દસમું મિત્રો તરફ ક્રોધ ન કરતો હોય, અગીયારમું પોતાને ન ગમતા અપ્રિય મિત્રનું પણ તેની પછવાડે સારું જ બોલતો હોય અર્થાત્ અપ્રિય મિત્રની પણ તેની પાછળ નિંદા ન કરતો હોય, બારમું ઝગડો કે ટંટો ન કરતો હોય, તેરમું બુદ્ધિવાળો હોય-સમજદાર હોય, ચૌદમું અભિજાત-ખાનદાન હોય અને પંદરમું આંખની શરમ રાખનારો હોય અને સ્થિર વૃત્તિનો હોય. આવા મનુષ્યને સુવિનીત કહેવાય છે.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૮૦ મું :: વાર્ષિક લવાજમ ૫-૨૫ પોસ્ટેજ સહિત

# अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | જૈન ધર્મ | (સુરેશકુમાર કે શાહ) | ૪૯ |
| ૨ | જૈન દર્શનનો અપૂર્વ સંદેશ | (પ્રો. નર્મદાશંકર શાસ્ત્રી એમ. એ.) | ૫૦ |
| ૩ | શ્રી વર્દ્ધમાન મહાવીર : લેખાંક ૫૭ | (સ્વ. મૌક્તિક) | ૫૧ |
| ૪ | શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ મૂર્તિ વાલુકાની બનેલી હોવાનું પ્રમાણ | (બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૫૩ |
| ૫ | શ્રમણ ભગવાન મહાવીરસ્વામીનો સાંસારિક પક્ષ : લેખાંક ૧ | (પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.) | ૫૪ |
| ૬ | શ્રી જૈન ધર્મ પ્રસારક સભાનો સંવત ૨૦૧૭ની સાલનો રિપોર્ટ | | ૫૮ |
| ૭ | ઘંટાકર્ણના ભકતો વિચારે | (લાલચંદ ભગવાન ગાંધી) | ૬૧ |
| ૮ | શ્રી જૈન ધર્મ પ્રસારક સભાનો સંવત ૨૦૧૮ની સાલનો રિપોર્ટ | | ૬૨ |
| ૯ | સમાલોચના | ટાઈટલ પેજ | ૪ |


## આવતો અંક :

હવે પછીનો જેઠ માસનો અંક તા. ૧૫ જુને બહાર પડશે.

## રજીસ્ટ્રેશન ઓફ ન્યુસપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ ના અન્વયે

"શ્રી જૈન ધર્મ પ્રકાશ" માસિકના સંબંધમાં નીચેની વિગતો પ્રકટ કરવામાં આવે છે.

૧. પ્રસિદ્ધિસ્થળ : શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, કાંટાવાળો ડેલો–ભાવનગર.

૨. પ્રસિદ્ધિક્રમ : દર અંગ્રેજી મહિનાની પંદરમી તારીખે.

૩. મુદ્રકનું નામ : સાધના મુદ્રણાલય, ઠેકાણું દાણાપીઠ પાછળ, ભાવનગર. કયા દેશના–ભારતીય.

૪. પ્રકાશકનું નામ : દીપચંદ જીવણલાલ શાહ, ઠેકાણું–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા. કયા દેશના–ભારતીય.

૫. તંત્રીનું નામ : ઉપર પ્રમાણે.

૬. માસિકના માલિકનું નામ : શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, કાંટાવાળો ડેલો, ભાવનગર.

હું દીપચંદ જીવણલાલ શાહ, આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧૫–૪–૬૪ દીપચંદ જીવણલાલ શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૦ મું
અંક ૬-૭

ચૈત્ર–વૈશાખ

વીર સં. ૨૪૯૦
વિક્રમ સં. ૨૦૨૦


## જૈન ધર્મ

જૈન ધર્મનો મહીમા આજે જગમાં અપરંપાર,
ધર્મનો મહીમા અપરંપાર.

મહામંત્ર છે જગનો તારક મંત્ર ભલો નવકાર,
ને જ્યાં સત્ય–અહિંસા–શાંતિનાં છે સૂત્રોનો શણગાર;
ધર્મનો મહીમા અપરંપાર.

જીવદયાનાં દિપક પ્રગટ્યા છે જ્ઞાન તણાં ભંડાર,
ને જ્યાં કામ–ક્રોધ–મદ–મોહ–લોભનું નામ નથી તલભાર;
ધર્મનો મહીમા અપરંપાર.

જગનાં તારક ને વળી પાલક સૌ તરી ગયા ભવપાર,
ને જ્યાં તિર્થંકર ચોવીશ થયા છે ધર્મ તણાં અવતાર;
ધર્મનો મહીમા અપરંપાર.

સમતા-તપ–ને–સંયમનાં વળી રણકે છે રણકાર,
ને જ્યાં ચંદન સમ સતીઓનો જગમાં થયો છે જયજયકાર;
ધર્મનો મહીમા અપરંપાર.

મંદિર તણો મહીમા છે મોટો, તીર્થો છે અપરંપાર,
ને જ્યાં ભક્તિભાવનાં ગીતો ગુંજે, હરનિશ પ્રભુનાં દ્વાર;
ધર્મનો મહીમા અપરંપાર.

જૈન ધર્મનો મહીમા આજે જગમાં અપરંપાર,
ધર્મનો મહીમા અપરંપાર.


" સુધાકર "
સુરેશકુમાર કે. શાહ
ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈનદર્શનનો અપૂર્વ સંદેશ

પ્રા. નર્મદાશંકર શાસ્ત્રી M A. (સાહિત્યાચાર્ય, કાવ્યતીર્થ)

પ્રભુ મહાવીરદેવના શાસનની અનેક વિશેષતાઓ છે તેમાં વિશેષ રીતે ધ્યાન ખેંચનારી આ ત્રણ વિશેષતાઓ છે. अनेकान्तवाद, अहिंसा અને अपरिग्रह.

અનેકાન્તવાદ એ એક એવો માર્ગ છે કે જેનાથી માનવ-સમાજમાં પરસ્પર સૌમનસ્ય સ્થાપિત કરી શકાય છે. અર્થાત્ કોઈ પણ વસ્તુને એક તરફી ન જોતાં અનેક તરફી જોવાનું અનેકાન્તવાદ શિખવાડે છે જેનાથી કોઈને પણ અન્યાય થવાનો સંભવ ન રહે. અહિંસામાંથી અનેકાન્તદૃષ્ટિ સ્ફુરિત થાય છે અને અનેકાન્તદૃષ્ટિના યોગથી અહિંસા જાગૃત થાય છે. આ રીતે અનેકાન્તવાદ અને અહિંસા આ બન્નેનો પરસ્પર સંબંધ છે. હિંસાથી અંદર અસત્ય, ચોરી વિ. બધાં દુર્ગુણોનો સમાવેશ થઈ જાય છે, અને આ બધાં દુર્ગુણોની ઉત્પત્તિ પરિગ્રહના કારણે થાય છે. તેથી પ્રભુ મહાવીરસ્વામીએ અનેકાન્તવાદ અને અહિંસાની સાથે અપરિગ્રહ ઉપર પણ ભાર મૂકેલો છે. પરિગ્રહ ઉપર નિયમન રાખવાથી માનવનું તેમ જ સમાજનું કલ્યાણ થાય છે. અપરિગ્રહ વિના વૈયક્તિક કે સામાજિક સુખ શાન્તિ એવં મૈત્રીભાવ સ્થાપી શકાતો નથી. પરિગ્રહપરિમાણ અને લોકમૈત્રીની સમુન્નત ઘોષણા કરવાનો ફાળો સર્વ પ્રથમ અને સર્વશ્રેષ્ઠ રૂપથી પ્રભુ મહાવીરને ભાગે જાય છે તે એક ઐતિહાસિક તથ્ય છે.

પ્રભુ મહાવીરને પોતાના સમયની અનેક કુપ્રથાઓને ધ્યાનમાં લઈને તે પ્રથાઓનો ખૂબ જ વિરોધ કર્યો, અને તે પ્રથાઓને સદંતર બંધ કરવા પોતે કઠોર તપશ્ચર્યા કરી વિશ્વબંધુત્વની ભાવના ઉત્પન્ન કરવાનો પાઠ ભણાવ્યો અહિંસામૂર્તિ પ્રભુ મહાવીરને યાગાદિ કર્મોમાં ધર્મના નામ ઉપર ફેલાયેલ ભયંકર પશુ હિંસાનો સામનો પોતાના તપ અને ચારિત્રના અસાધારણ બળ દ્વારા તથા વાત્સલ્યપૂર્ણ પ્રવચન તેમ જ ઉપદેશ દ્વારા કરી વિશ્વમાં ડંકો વગાડ્યો છે. જેનાથી જગતમાં હિંસાનું સામ્રાજ્ય ઘટતું ગયું અને અહિંસાનું વાતાવરણ ફેલાતું ગયું ભગવાન મહાવીરના સમયમાં ભારતવર્ષની સ્થિતિ ઘણી દયનીય હતી. તે સમયે જનતા અજ્ઞાનાન્ધકારમાં ડૂબેલી હતી અને પ્રચંડ હિંસાત્મક યજ્ઞ-યાગાદિનું જોર વધ્યું હતું. ધર્મના નામે અનેક મુંગા પશુઓનું બલિદાન આપવામાં આવતું હતું. અનેક ધર્મના ઠેકેદારો ભોળી અને અજ્ઞાન પ્રજાને ધર્મના નામે છેતરતા હતા, અને તેઓ પોતાને અન્ય કરતાં ઉચ્ચ માનતા હતા તે સમયમાં મદોન્મત્ત પુરુષોએ સ્ત્રીઓને દરેક અધિકારથી વંચિત રાખી હતી. આવા ભયંકર અવનતીના સમયમાં ભગવાન મહાવીરે દરેકને માટે ધર્મનો માર્ગ ખુલ્લો છે અને દરેક જીવને જીવવાનો અધિકાર છે તેમ જાહેર કર્યું. તેમણે जन्मना वर्णः ને બદલે कर्मणा वर्णःના સિદ્ધાન્ત ઉપર જોર આપ્યું અને જાહેર કર્યું કે—

कम्मुणा बंभणो होई, कम्मुणा होई खत्तिओ ।
वैस्सो होई कम्मुणा, शूद्रो हवई कम्मणा ॥

અર્થાત્ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર કર્મથી થવાય છે, જન્મથી નહિ.

સાથોસાથ વિશ્વબન્ધુ ભગવાન મહાવીરે તે સમયના નામધારી અને શિથિલાચારવાળા સાધુ, બ્રાહ્મણ, મુનિ અને તાપસોની પણ કડક ટીકા કરી અને તેમણે ઉત્તરાધ્યયન સૂત્રના ૨૫મા અધ્યયનમાં જાહેર કર્યું કે—

न वि मुंडिएण समणो, न ओंकारेण बंभणो ।
न मुणी रण्ण वासेणं, कुस चीरेण न तापसो ॥

અર્થાત્ માથું મુંડાવવાથી શ્રમણ થવાતું નથી કે ઓંકારનો ઉચ્ચાર કરવાથી બ્રાહ્મણ થવાતું નથી, જંગલમાં રહેવાથી મુનિ થવાતું નથી કે વલ્કલ ધારણ કરવાથી તપસ્વી થવાતું નથી.

આ ઉપરથી જાણી શકાય છે કે ભગવાન મહાવીરે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

લેખાંક : ૫૬

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

**વીશ સ્થાનક:** તીર્થંકર થાય તેની આગળના ત્રીજે ભવે (એટલે વચ્ચેના એક ભવ આગળના ભવે) વીશ સ્થાનકોની આરાધના પ્રાણી કરી પોતાનો આત્મવિકાસ વધારી મૂકે છે. એમાંના પ્રત્યેક સ્થાનકો ખૂબ વિચારવા યોગ્ય છે તીર્થંકરનો જીવ માત્ર બાહ્ય તપ કરે છે એમ સમજવાનું નથી, એને પ્રત્યેક પદ પર વિચારણા થાય છે, એની મહત્તા તેમના લક્ષ્ય પર આવે છે અને તે પદમાં રહેલ રહસ્ય અને સૂક્ષ્મ ભાવો પર એ ખૂબ વિચારણા કરે છે, એનું નિદિધ્યાસન કરે છે, એના પર વારંવાર ચિંતવન કરે છે અને એ પદની સેવા કરતાં કરતાં પ્રાણી તીર્થંકર નામકર્મનું બંધન કરે છે. એક એક પદની આરાધનાથી પ્રાણી તીર્થંકરપદ બાંધે છે અને અનેકે બાંધ્યાં છે એટલે દરેક પદની મહત્તા વિચારી પોતાને ફાવે તે પદની આરાધના પકડી લેવી. આ પદો પર અનેક પૂજાઓ રચાણી છે, તેમાં પં. રૂપવિજયજીની તથા શ્રી વિજયલક્ષ્મીસૂરિજીની આચાર્યવર્યશ્રી આત્મારામજીની પૂજાઓ પ્રસિદ્ધ છે. તપનો મહિમા ત્યાં બતાવ્યો છે અને વિધિ પણ સૂચવ્યો છે. અત્રે તો વીશ સ્થાનકોનો નામ નિર્દેશ અને એનું મહત્તાદર્શક રહસ્ય વિચારી જઇએ તીર્થંકર નામકર્મ બંધાય નહિ, તો પણ પ્રત્યેક પદની વિચારણાથી રસ્તો ઘણો સરળ થઈ શકે તેમ છે તેથી અત્ર તેને સમજી લઇએ તપની વિગત અને વિધિ માટે અનેક ઉલ્લેખો લભ્ય છે, અત્રે તો ઓળખાણ નામ સાથે આપી તેનો સહજ પરિચય કરી લઇએ.

**૧. અરિહંતપદ:** અરિહંતના બાર ગુણ વિચારીએ ત્યારે તેના અષ્ટ પ્રતિહાર્યની શોભા કરતાં પણ એના જ્ઞાનાતિશય વચનાતિશય, પૂજાતિશય, અને અપાયાપગમાતિશય વધારે આકર્ષક લાગે છે. અઢાર દોષો આ છે: દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય, હાસ્ય, રતિ, અરતિ, ભય શોક, જુગુપ્સા (નિંદા અને નાકનું ટીચકું), કામ, મિથ્યાત્વ, અજ્ઞાન, નિન્દા, અવિરતિ, રાગ, દ્વેષ. આ અઢાર દૂષણ રહિત, કોઈ જાતના પક્ષપાત વગરના, સર્વ જીવ પર પ્રેમ રાખનાર,

---

(જૈનદર્શનનો અપૂર્વ સંદેશ)

બાહ્યવેષ કે બાહ્યક્રિયા કરતાં આન્તરિક જીવન ઉપર વધુ ભાર આપ્યો છે. આથી તેઓ કહે છે કે—

समयाए समणो होइ, बंमचेरेण बंमणो ।
नाणेण य मुणी होइ, तवेण होइ तापसो ॥

અર્થાત્ સમતાથી શ્રમણ થવાય છે, બ્રહ્મચર્યથી બ્રાહ્મણ થવાય છે, જ્ઞાનથી મુનિ થવાય છે અને તપથી (નિષ્કામ) તપસ્વી થવાય છે.

આ ઉપરથી આપણે જોઇ શકીએ છીએ કે જૈનદર્શન એક આધ્યાત્મિક દર્શન છે. આ દર્શનનું માનવું છે કે યથાર્થ કલ્યાણની પ્રાપ્તિ માટે વીતરાગતાની પહેલી આવશ્યકતા છે. વીતરાગતા વિના પૂર્ણશાન્તિ મળવી મુશ્કેલ છે. તમો કોઇ પણ ક્રિયાપદ્ધતિ કે આચારમાર્ગ કે વિચારપદ્ધતિને અપનાવો પણ તેનાથી જો સત્ ચારિત્રની સાધના થતી હોય અને વીતરાગતાની તરફ પ્રગતિ થતી હોય તો તે અપનાવવામાં હરકત નથી. જેનાથી "मित्ती मे सव्व भूएसु"નો જીવનમંત્ર બની જવો જોઇએ. આ છે જૈનદર્શનનો મહત્ત્વપૂર્ણ મહા આદેશ. વિશ્વને શાન્તિ જોઇતી હશે તો આ આદેશ અપનાવ્યા વિના ત્રણેકાળમાં છૂટકો નથી તેમ કહેવું અતિશયોક્તિભર્યું નથી.



For Private And Personal Use Only

સર્વને સંસારની ઉપાધિથી મુક્ત કરાવવાની તીવ્ર ભાવનાવાળા, પૂજક કે નિંદક પર સમભાવ વૃત્તિવાળા, કોઈ પ્રકારની ઈચ્છા વગરના, મહાસંયમી, જગત પર ઉપકાર કરવાની ઈચ્છાવાળા અને નિરંતર ચિદ્દઘન આત્મસ્વરૂપમાં આનંદ માનનાર પોતાના ત્યાગ અને ઉપદેશથી અનેક જીવોને તારનારા, (નિર્યામક), અનેક જીવોને દોરવણી આપનાર (મહાગોપ), દુનિયામાં જીવદયાનો પડહો વગડાવનાર અને સંસારરૂપ મહા આકરી અટવીમાં સાથ આપી ભાન ભૂલેલા રસ્તા ચૂકેલાને અટવી ઉતારી આપનાર સાર્થવાહ)નાં બિરુદધારક, અનેક અતિશયોના ધણી અરિહંતનું એના નિર્મળ સ્વરૂપે ઓળખાણ કરી એના ધ્યાનમાં એકાગ્રતા કરવી. પોતાનો ચેતન શક્યતાએ અરિહંત છે. ધ્યાતા ધ્યાન અને ધ્યેયની એકતા સાધતાં ચેતન પોતે એ પદે પહોંચી શકે છે

૨. **સિદ્ધ:** સર્વ કર્મથી મુક્ત થઇ, સંસારની રખડપાટી હંમેશને માટે ફેંકી દઈ અવ્યાબાધ અનંત આત્મસુખમાં રમણ કરતાં સિદ્ધ બીજે સ્થાને આવે છે જ્ઞાનાવરણીય કર્મનો આત્યંતિક ક્ષય થતાં અનંત જ્ઞાની હોવાનો તેમનો પ્રથમ ગુણ છે. દર્શનાવરણીય કર્મનો સર્વથા ક્ષય થયેલ હોવાને કારણે લોકાલોકના સ્વરૂપને દેખવાનો સર્વદર્શીપણાનો તેમનો બીજો ગુણ છે. વેદનીય કર્મનો ક્ષય થવાથી બાધા પીડા રહિત, વ્યાધિથી મુક્ત અને ઉપાધિરહિત હોવાને કારણે તેઓ નિરૂપમ સુખમાં મગ્ન છે, અનંત સુખના ધણી છે અને સોપાધિક અને પલટાતી સ્થિતિને વશ ન હોવાને કારણે ચાલુ સુખી છે, અંતરના આત્માનંદમાં મગ્ન છે, વચનાતીત સ્વાસ્થ્યના ભોગી છે, મોહનીય કર્મનો ક્ષય થયેલ હોવાથી તેઓમાં સર્વદા સમતા આવી જાય છે, વિષયકષાયમગ્નતા પુદ્ગળાનંદીપણું કે વેદોદય ન હોવાથી તેઓ સમસ્થિતિમાં રહે છે. આયુકર્મના ક્ષયથી તેમની અક્ષયસ્થિતિ કાયમ રહે છે, તેમને ભવભ્રમણ કે રખડપાટો હોતો નથી. નામકર્મના નાશથી સિદ્ધો અરૂપી પદ પ્રાપ્ત કરે છે અને ગતિ જાતિ વર્ણ ગંધ રસ સ્પર્શનો નાશ થવાથી તેઓ અરૂપી સ્વરૂપે અનંતકાળ સ્થિત રહે છે. ગોત્રકર્મના ક્ષયથી સિદ્ધોને અગુરુલઘુ નામનો ગુણ પ્રકટશે. વ્યાવહારિક સત્કાર સન્માનને ત્યાં સ્થાન નથી. અંતરાયકર્મના નાશથી તેનામાં અનંત વીર્ય હોય છે, એનો ઉપયોગ જ્ઞાન દર્શન ચારિત્રની રમણતામાં હોય છે, એની શક્તિ અનંત હોય છે. આ સિદ્ધના જીવોને ધ્યાવવા, વિચારવા, એના આઠ ગુણો પર ચિંતવન કરવું, અર્હંતો પણ અંતે સિદ્ધ થાય છે અને સિદ્ધના અંતર્ગતમાં અર્હંતો આવી જાય છે એ વાત ધ્યાનમાં લેવી. સિદ્ધો અરિહંતોને પણ માન્ય છે. સિદ્ધને જાતિ નથી, મરણ નથી, વ્યાધિ નથી, દેહ નથી, વેદના નથી, આંટાફેરા નથી, ભય નથી, શોક નથી, ખેદ નથી. છે અનંત આનંદ, સ્વગુણમાં રમણ અને અનંત સુખ સંપત્. આ સિદ્ધનું સ્થાન બરાબર ધ્યાવે તે અંતે એ સ્થાન પ્રાપ્ત કરે.

૩ **પ્રવચન:** મોક્ષમાર્ગ બતાવનાર ત્રિપદીમાંથી વ્યવહારમાં આવેલ આ પ્રવચન પદમાં સપ્તભંગી, સ્યાદ્વાદ, સાત નય, ચાર નિક્ષેપા. દશવિધ યતિધર્મો, શ્રાદ્ધના બારવ્રત વગેરે અનેક મૂળગુણ ઉત્તરગુણની વાતો ચરણસિત્તરી કરણસિત્તરીનો સમાવેશ થાય છે. એમાં ચતુર્વિધ સંઘનો સમાવેશ થાય છે, એમાં ધર્મનો વિસ્તાર પ્રકાશ અને પ્રચારના સર્વ માર્ગોનો સમાવેશ થાય છે, એમાં ધર્મ પ્રગતિમાં ઉલ્લાસના, સાધન શોધનના અને ધર્મપ્રવૃત્તિમાં યથાશક્તિ લેવાતા સર્વ પ્રયત્નોનો સમાવેશ થાય છે. પ્રવચન પદ આરાધક જ્યાં જ્યાં ધર્મ પ્રવૃત્તિ દેખે ત્યાં એને વેગ આપે, સહાય કરે, આનંદે અને ધર્મનો સાચો પ્રચાર થતો જોઈ એ રાજી રાજી થઈ જાય. જનતાની જરૂરિયાત વિચારે અને યોગ્ય કાળે યોગ્ય સાધનો યોજી આપે. અમુક કાળે એ નવાં મંદિરો નવી સંસ્થાઓ કરી પ્રવચન પ્રગતિ કરે, અન્યકાળે જીર્ણોદ્ધારમાં લાભ જુએ અને આખા સમાજનું હિત સમસ્ત દૃષ્ટિએ, સહિષ્ણુતાપૂર્વક, અન્ય તરફ જરા પણ આક્રમણ વગર કરે અને અન્યને ધર્મપ્રગતિ કરતાં જોઈ આનંદ પામે. પ્રવચન પદમાં ધર્મની પ્રવૃત્તિ પ્રગતિ અને પ્રસાર ઉપર મુખ્યત્વે નિગાહ હોય. પોતે કરે, અન્ય પાસે કરાવે, કરનારને સલાહ સહાય આપે અને પ્રગતિ થતી જોઈ આનંદ માને. ( ચાલુ )

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ મૂર્તિ વાલુકાની બનેલી હોવાનું પ્રમાણ

લેખક–સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ

વિદર્ભ દેશમાં શિરપૂર નગરમાં આવેલ શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ ભગવંતની અલૌકિક ચમત્કારી મૂર્તિ વાલુકાની (રેતીની) બનેલી છે, અને એ એક સરોવરમાં અનેક વર્ષો સુધી પત્થરની પેઠે ટકી રહી છે. એ વસ્તુ પ્રથમ દર્શને કોઈના મગજમાં ઉતરે એવી જણાતી નથી પણ એવી જ રીતે બનેલી વિશાલકાય મૂર્તિ બીજી જગ્યાએ મળી આવી છે. એ ઉપરથી આવી રીતે મૂર્તિઓ પૂર્વકાળમાં બનાવવામાં આવી હતી, અને એવી જાતનું રેતીને અને નાના પત્થરોને એકરૂપ કરવા જેવું કોઇ વિશિષ્ટ જાતનું મિશ્રણ કરવાનો વિધિ કાઇક લોકોને ખબર હતો એ સ્પષ્ટ જોવામાં આવે છે.

## કલ્યાણનો તિર્થાંક :

ગોરખપુરના ગીતા પ્રેસ તરફથી 'કલ્યાણ' નામક માસિક ઘણા વરસોથી હિંદી ભાષામાં પ્રગટ થાય છે. તેનો સાતસો પાનાનો એક દળદાર અંક 'તીર્થાંક' નામથી પ્રગટ થયેલો અમારા જોવામાં આવ્યો. તેમાં આખા ભારતના તીર્થોનું વર્ણન આપવામાં આવેલું છે. તેમાં ૩૯૫ મા પૃષ્ઠ ઉપર દક્ષિણ ભારતમાં આવેલ ત્રિવેંદ્રમ નામના નગરની નજીક ત્રણ માઇલ ઉપર પદ્મનાભ મંદિર છે. એ મંદિરનો જીર્ણોદ્ધાર સન ૧૦૪૯ ની સાલમાં કરવામાં આવ્યો હતો. તે વખતે બાર હજાર શાલિગ્રામ નામના પત્થરો, જે ઘણા મજબુત હોય છે. તે ભેગા કરી તેને 'કટુશર્કર યોગ' નામના કોઇ વિશિષ્ટ જાતના મિશ્રણથી પદ્મનાભની મૂર્તિ નિર્માણ કરવામાં આવી છે. એ હકીકત એક પત્થર ઉપર ઉત્કીર્ણ કરેલી વિદ્યમાન છે.

## કટુશર્કર યોગનો પ્રકાર :

એ 'કટુશર્કર યોગ' કોઇ વનસ્પતિ વિશેષના મિશ્રણથી બનાવવામાં આવતો હોવો જોઇએ. આ પદ્મનાભ મૂર્તિ સોળ ફૂટ લાંબી સૂતેલી વર્ણવવામાં આવી છે. આ યોગ હાલના સીમેંટથી વધુ પ્રભાવશાલી હોવો જોઇએ એ સ્પષ્ટ જણાય છે એ ઉપરથી સિદ્ધ થાય છે કે. વાલુકામય મૂર્તિ હોવી એ કલ્પના નહીં પણ સત્ય ઘટના છે એમાં સંદેહ નથી.

## મૂર્તિ માટે જજનો અભિપ્રાય :

શ્રી અંતરિક્ષજીની મૂર્તિની પ્રત્યક્ષ માહિતી મેળવવા માટે જજ સાહેબ ખુદ આવેલા હતા, અને તેમણે પોતાના હાથે પુરી તપાસ કરી મૂર્તિ વાલુકાની જ છે એ વસ્તુ પોતાના રિપોર્ટમાં લખેલી પણ છે.

## વાલુકાની જ મૂર્તિ છે :

આ વસ્તુનો નિર્દેશ કરવાનો અમારો ઉદ્દેશ એટલો જ છે કે વાલુકા મૂર્તિ એ ભાવનાની કે કવિ કલ્પનાની અથવા પુરાણ માન્યતાની એ વસ્તુ નથી. પણ નક્કર સત્ય ઘટના છે. અને એ પ્રત્યક્ષ બનેલી વસ્તુ છે. જગતમાં એવી અનેક ઘટનાઓ બનેલી છે કે, જેનો આપણી કલ્પના મુજબ ઉકેલ મળવો મુશ્કેલ હોય છે, તેથી એવી ઘટનાઓને પોતાના તર્કો ચલાવી ખોટી ઠરાવવાનો પ્રયત્ન કરવો એ યુક્તિ સંગત ન કહેવાય.

## અધ્ધર મૂર્તિ સ્પષ્ટ છે :

પ્રભુ અંતરિક્ષજી ભગવંતની મૂર્તિ તદ્દન ભૂમીને અસ્પૃષ્ટ અર્થાત્ અધર છે, એ બાબત પણ એવી જ સ્થિતિ છે. મૂર્તિના દર્શન કરવા અત્યાર સુધી જે જે લોકો ગયા છે તે બધા જ ગુરૂત્વાકર્ષણના નિયમથી અજ્ઞાત અને ગમે તે વસ્તુ ઉપર ભોળપણથી અંધ વિશ્વાસ ધરાવનારા જ હતા એમ માનવાનું કાંઇ જ કારણ નથી. પદાર્થ વિજ્ઞાન અને આધુનિક રસાયનશાસ્ત્રજ્ઞ આદિ વિજ્ઞાનવેત્તા પણ ત્યાં જઈ પ્રભુ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રમણ ભગવાન મહાવીરસ્વામીનો સાંસારિક પક્ષ

[ લેખાંક ૧ ]

પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

જૈન સાહિત્યના બે વર્ગ પડાય છે: (૧) સાંપ્રદાયિક અને (૨) અસાંપ્રદાયિક. પ્રથમ વર્ગમાં જૈન ધર્મના સર્વાંગીણ કે મુખ્ય નિરૂપણને સ્થાન અપાયેલું હોય છે જ્યારે દ્વિતીય વર્ગમાં જૈન ધર્મ-દર્શનથી પ્રાયઃ અલિપ્ત કૃતિઓનો સમાવેશ કરાય છે પ્રથમ વર્ગનું સાહિત્ય ધાર્મિક છે અને એ જૈનોને ઉદ્દેશીને રચાએલું હોવાથી મોટે ભાગે એનો ઉપયોગ જૈનો જ કરે છે, જ્યારે દ્વિતીય વર્ગનું સાહિત્ય સાર્વજનિક અને સાર્વજની હોઈ સૌ કોઇ ઉપયોગ કરી શકે અને કરે તેવું સાહિત્ય છે. આમ જૈન સાહિત્યનો આ બીજો વર્ગ અસાંપ્રદાયિક (Secular) છે. એવી રીતે જે કોઈ વ્યક્તિ જૈન શ્રમણ કે શ્રમણી બને તેનાં સગાંવહાલાંનો બે રીતે ઉલ્લેખ કરાય છે. દીક્ષા લીધા પૂર્વેના સગાંસંબંધીઓનો 'સાંસારિક (Secular) પક્ષ' તરીકે-સંસારી સગાંવહાલાં તરીકે નિર્દેશ કરાય છે, જ્યારે દીક્ષિત અવસ્થામાંના શ્રમણોના સંબંધીઓનો 'ધાર્મિક પક્ષ' તરીકે ઉલ્લેખ કરાય છે. જૈન શ્રમણને અંગે ગુરુભાઈ, કાકાગુરુ અને દાદાગુરુ એવી સંજ્ઞાઓ વપરાય છે. એક જ ગુરુના શિષ્યો પરસ્પર 'ગુરુભાઈ' કહેવાય છે. ગુરુના ગુરુભાઇને 'કાકાગુરુ' કહે છે અને ગુરુના ગુરુને 'પ્રગુરુ' યાને 'દાદાગુરુ' કહે છે. ગુરુના પણ ત્રણ પ્રકાર છે: (૧) દીક્ષા-ગુરુ, (૨) વિદ્યા-ગુરુ અને (૩) મિશ્રા-ગુરુ.

શ્રમણ ભગવાન મહાવીરસ્વામીના અસંખ્ય ભવો થયા છે. એનો સંબંધ ચારે ગતિ સાથે છે. તેમાં મનુષ્ય-ગતિ પૂરતો જ એમનો સાંસારિક પક્ષ વિચારી શકાય. આથી એમના જે મુખ્ય [1]૨૭ ભવો ગણાવાય

[1] આ ભવો માટે જુઓ અયર અભદ્રસૂરિકૃત ચતુર્વિંશતિ જિનેન્દ્ર ચરિત્ર (પૃ. ૫૬૬). ૨૭ ભવોનાં નામ હૈય ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર ઈત્યાદિમાં છે, પરંતુ કોઇ ઉપલબ્ધ આગમમાં જણાતાં નથી.

---

( શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ મૂર્તિ )

અધર જ બિરાજે છે એ જોઇ અને જાણી આવેલા છે અજૈન એવા, જૈન માન્યતા ઉપર વિશ્વાસ નહી રાખનારા અને શંકાનું નિરસન કરી જાણનારા લોકો એ પ્રભાવશાલી લોકો પણ મૂર્તિના દર્શન કરી આવેલા છે. લોહચુંબક વગેરે સાધનોનો ઉપયોગ કરી વસ્તુનું પરીક્ષણ કરી આવેલા લોકો પણ એમાં છે જ. છતાં કોઇ એ મૂર્તિનું અધર રહેવું એનો ઉકેલ આપી શક્યા નથી; તેથી જ એ દૈવી ચમત્કાર છે એમ લોકો ભાવભક્તિપૂર્વક માને એમાં જરાએ આશ્ચર્ય નથી. જે લોકોનો હજુ એ વસ્તુ ઉપર વિશ્વાસ ન હોય એવા જૈનો કે અજૈનોએ પ્રભુ અંતરિક્ષજીના દર્શન કરવા અવશ્ય પધારવું એવી અમારી વિનંતિ છે, મૂર્તિના પ્રત્યક્ષ દર્શન કરતા જોવામાં આવે છે કે, મૂર્તિની નીચેથી તેમજ પાછલા ભાગથી અને બાજુ ઉપરથી પણ અંગલુંછણા કરવામાં આવે છે. નીચે દીવો મૂકવાથી મૂર્તિની નીચે પ્રકાશ પથરાએલો પ્રત્યક્ષ જોઇ શકાય છે. મૂર્તિ તો ખૂબ વજનદાર અને વિશાલકાય હોવાથી આમ અધર રહી શકે જ નહીં પણ વસ્તુસ્થિતિ જોતા એ દૈવી ચમત્કાર છે એવુ માન્યા વગર ચાલે તેમ નથી. માટે જ અમે કહીએ છીએ કે બધાઓએ એ મૂર્તિના અવશ્ય દર્શન કરવા ઉચિત છે.

## શિરપૂર જવાનો માર્ગ :

મુંબઈથી નાગપૂર માર્ગે કલકત્તા જતી રેલવે લાઇન ઉપર આકોલા જંકશન ઉપર ઉતરવાથી મોટર બસ દ્વારા ૪૦ માઇલ ઉપર શિરપૂર ગામ જવાય છે. આકોલા શહેરમાં તાજનાપેઠમાં આપણું મંદિર અને ધર્મશાળા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે તેમાંના તેર ભવોનો જ વિચાર કરવાનો રહે છે. એના ક્રમાંક નીચે મુજબ છે:—

૧, ૩, ૫, ૭, ૯, ૧૧, ૧૩, ૧૫, ૧૭, ૧૯, ૨૩, ૨૫ ને ૨૭.

આ તેર ભવોમાં **મહાવીરસ્વામી** તરીકેનો અંતિમ ભવ છે, જ્યારે બાકીના બાર નીચે પ્રમાણે છે:—

નયસાર, મરીચિ, કૌશિક બ્રાહ્મણ, પુષ્યમિત્ર, અગ્ન્યુદ્દ્યોત, દ્વિજ, અગ્નિ દ્વિજ, ભારદ્વાજ દ્વિજ, સ્થાવરક દ્વિજ, યુવરાજ વિશ્વભૂતિ, ત્રિપૃષ્ઠ વાસુદેવ, પ્રિયમિત્ર ચક્રવર્તી અને નંદન રાજકુમાર

આ ઉપરથી જોઇ શકાશે કે આ ભવો પૈકી એકેમાં એઓ 'સ્ત્રી' તરીકે અવતર્યા નથી. વળી પાંચ ભવો તો 'બ્રાહ્મણ તરીકેના છે.

નયસાર વગેરે તેર ભવો આશ્રીને પિતૃપક્ષ, માતૃપક્ષ અને શ્વસુરપક્ષ વિચારવા માટે પૂરતાં સાધન કે સમય નથી એટલે અહીં તો પશ્ચાનુપૂર્વીએ કેટલાક વિષે હું નોંધ કરું છું. આમ હોઈ હું મહાવીરસ્વામીથી શરૂઆત કરું છું.

**માતા**–મહાવીરસ્વામીની બે માતા ગણાવાય છે: દેવાનંદા અને [૨]ત્રિશલા. દેવાનંદાના ગર્ભમાં ૮૨ દિવસ રહ્યા બાદ ગર્ભસંક્રમણને લઇને મહાવીરસ્વામીની જન્મદાત્રી માતા તરીકે ત્રિશલાનો ઉલ્લેખ કરાય છે. ગર્ભસંક્રમણની વાત દિગંબરોને માન્ય નથી કેટલાક આધુનિક વિદ્વાનો આ ઘટનાને અંગે નીચે મુજબનાં મત ધરાવે છે:—

(૧) બ્રાહ્મણી દેવાનંદા એ જ મહાવીરસ્વામીની વાસ્તવિક જન્મદાત્રી માતા છે, જ્યારે ક્ષત્રિયાણી ત્રિશલાએ તો મહાવીરસ્વામીને દત્તક પુત્ર તરીકે સ્વીકાર્યા હોવાથી એ એમની માતા ગણાવાય છે.

(૨) ત્રિશલા જ મહાવીરસ્વામીની ખરેખરી માતા છે; દેવાનન્દા તો એની ધાવમાતા છે.

**પિતા**–દેવાનન્દાના પતિ ઋષભદત્ત એ મહાવીરસ્વામીના પિતા ગણાય તેમ સિદ્ધાર્થ ત્રિશલાના પતિ હોઇ એ સિદ્ધાર્થનો પણ પિતા તરીકે નિર્દેશ કરાય છે. દિગંબરોના મતે જેમ ત્રિશલા જ મહાવીરસ્વામીની માતા છે તેમ સિદ્ધાર્થ જ પિતા છે.

**કાકા**–મહાવીરસ્વામીના કાકાનું નામ સુપાર્શ્વ છે. એઓ સિદ્ધાર્થના ભાઈ થાય છે. સુપાર્શ્વના શ્રેયાંસ અને યશસ્વિન્ એ બે નામાંતરો છે. એમ આચાર (સુઅ. ૨) અને પજ્જોવસણાકપ્પ (સુત્ત ૧૦૭) જોતાં જણાય છે.

**મામા**–વૈશાલીના રાજા ચેટક એ ત્રિશલાના ભાઈ થતા હોઇ ચેટક મહાવીરસ્વામીના મામા થાય છે. એમનું સમગ્ર લિચ્છવી અને મલ્લ ઉપર આધિપત્ય હતું.

**મામી**–ચેટકની પત્ની સુભદ્રા મહાવીરસ્વામીની મામી થાય છે. એની અન્ય પત્નીઓ હોય તો તે પણ મામી થાય.

**માતૃપક્ષ**–મહાવીરસ્વામીનો માતૃપક્ષ વિશાળ તેમ જ મહત્ત્વપૂર્ણ છે.

**મોસાઈ બહેનો**–વજ્જીઓની રાજધાની વૈશાલીના રાજા ચેટકને–ત્રિશલાના ભાઇને સાત પુત્રીઓ હતી: (૧) ચેલ્લણા, (૨) જ્યેષ્ઠા, (૩) પદ્માવતી, (૪) પ્રભાવતી, (૫) મૃગાવતી, (૬) શિવા અને (૭) સુજ્યેષ્ઠા.

સુજ્યેષ્ઠા શ્રેણિકને પરણનાર હતી, પણ તેમ ન થતાં એ સાધ્વી બની ગઈ.

**મસીઆઇ ભાઇ**–સિદ્ધાર્થ જે વ્યંતર થએલ તે મહાવીરસ્વામીના મસીઆઈ ભાઇ થાય છે. જુઓ આવસ્સયની ચુણ્ણિ પત્ર ૨૭૦ ).

**ભાઇ**–નન્દિવર્ધન એ સિદ્ધાર્થના પુત્ર હોઈ મહાવીરસ્વામીના મોટા ભાઇ થાય છે.

**ભાભી**–ચેટક રાજાની પુત્રી જ્યેષ્ઠાનાં લગ્ન નંદિવર્ધન સાથે થયાં હતાં એટલે જ્યેષ્ઠા મહાવીરસ્વામીની ભાભી થાય.

**બેન**–આચાર (સુયક્ખંધ ૨, અજ્ઝયણ ૧૫)માં સુદર્શનાનો મહાવીરસ્વામીની મોટી બેન તરીકે ઉલ્લેખ છે. એમના પતિનું નામ જાણવામાં નથી.

૨ આનાં બે અન્ય નામો છે: વિદેહદત્તા અને પ્રીતિકારિણી. જુઓ આચાર ( સુય ૨, અ. ૧૫) અને પજ્જોસવણાકપ્પ ( સુત્ત ૧૦૯ ).

For Private And Personal Use Only

**ભાણેજ**–સુદર્શનાને જમાલિ નામે પુત્ર હતો. એ મહાવીરસ્વામીના ભાણેજ થાય.

**પત્ની**–યશોદા એ મહાવીરસ્વામીની પત્ની થાય. દિગંબરોના મતે મહાવીરસ્વામી અપરિણીત રહ્યા હતા. બહુમાં બહુ એમનું સગપણ થયું હતું પણ લગ્ન થયાં જ ન હતાં. જેમકે નેમિનાથ.

**પુત્રી**–યશોદાએ એક પુત્રીને જન્મ આપ્યો હતો. એનાં બે નામ સુપ્રસિદ્ધ છે: (૧) પ્રિયદર્શના અને (૨) અનોદ્યા. જુઓ આયાર (સુય ૨, અ ૧૫), આવસ્સયના મૂળ ભાસ ( ગા. ૧૨૬ )માં સુદર્શના અને જ્યેષ્ઠા તેમજ અનોદ્યા નામ અપાયાં છે.

**જમાઈ**–પ્રિયદર્શનાનાં લગ્ન જમાલિ સાથે કરાયાં હોઇ એઓ મહાવીરસ્વામીના જમાઈ થાય–સાથે સાથે ભાણેજ પણ થાય છે.

**દૌહિત્રી**–અનોદ્યાને શેષવતી યાને યશસ્વતી એમ બે નામની એક પુત્રી હતી. એ મહાવીરસ્વામીની દૌહિત્રી થાય છે. મહાવીરસ્વામી શેષવતીના માતામહ થાય છે.

**બનેવીઓ**–જમાલિના પિતા યાને સુદર્શનાના પતિ તે મહાવીરસ્વામીના બનેવી થાય છે તેમ ચેટકની સાત પુત્રીઓ પૈકી સુજ્યેષ્ઠા સિવાયનીના પતિઓ પણ એમના બનેવી છે. આ છ બનેવીઓ પૈકી નંદિવર્ધન તો મહાવીરસ્વામીના ભાઈ પણ થાય છે બાકીના પાંચ નીચે મુજબ છે:—

(૧) શ્રેણિક. એઓ ચેલ્લણાના પતિ થાય છે. એ મગધનો નરેશ્વર હતો એમના એક પુત્રનું નામ કોણિક યાને અજાતશત્રુ છે. હલ્લ અને વિહલ્લ પણ ચેલ્લણાના પુત્ર છે.

(૨) દધિવાહન. એઓ પદ્માવતીના પતિ થાય છે. એઓ ચંપાના રાજા હતા પદ્માવતીનું બીજું નામ ધારિણી છે. એની પુત્રી તે વસુમતી ઉર્ફે ચંદનબાળા છે.

(૩) ઉદાયન. એઓ પ્રભાવતીના પતિ થાય છે એઓ સિન્ધુ સૌવીરના રાજા થાય. એઓ છેલ્લા રાજર્ષિ જણાય છે.

(૪) શતાનીક એમની પત્નીનું નામ મૃગાવતી છે અને એઓ કૌશાંબીના રાજા થાય.

(૫) પ્રદ્યોત યાને ચંડપ્રદ્યોત એમના લગ્ન શિવા સાથે થયા હતાં, એઓ ઉજ્જયિનીના રાજા હતા.

અહીં એ વાત નોંધીશ કે એક સમયે મામા ફોઇનાં સંતાનોનાં પરસ્પર લગ્ન થતાં હતાં. પ્રસ્તુતમાં બે ઉદાહરણો છે:—

(૧) ત્રિશલાના પુત્ર નંદિવર્ધનનાં લગ્ન ત્રિશલાના ભાઇ ચેટકની જ્યેષ્ઠા નામની પુત્રી સાથે થાય છે. એ હિસાબે ત્રિશલા એ જ્યેષ્ઠાની ફોઇ થાય અને ચેટક એ નંદિવર્ધનના મામા થાય. મામાની પુત્રી ફોઈના પુત્ર સાથે પરણાવાઈ.


(૨) જમાલિ એ મહાવીરસ્વામીની બેનનો પુત્ર થાય અને મહાવીરસ્વામીની પુત્રી પ્રિયદર્શનાનો પતિ.

આવું એક અન્ય ઉદાહરણ શ્રીપાલનું છે.

મામાના પુત્રના ફોઇની પુત્રી સાથે લગ્ન થયાનું કોઈ ઉદાહરણ છે ખરું ?

**ભાણેજો**–ચેટકની પરિણીત પુત્રીઓનાં સંતાન મહાવીરસ્વામીના ભાણેજો થાય. દા. ત. [1]શ્રેણિકના કોણિક વગેરે પુત્રો.

**જયંતી**–મહાવીરસ્વામીના સાધુઓની એ પ્રથમ શય્યાતર થાય છે. એણે મહાવીરસ્વામીને વિવિધ પ્રશ્નો પૂછ્યા હતા. જુઓ વિવાહપણ્ણત્તિ ( સ. ૧૨, ઉ ૨, સુત્ત ૪૪૧-૪૪૩ ). એ જયંતી સહસ્રાનીકની પુત્રી, શતાનિકની બેન, ચેટકની પુત્રી મૃગાવતીની નણંદ અને નંદિવર્ધનની–મહાવીરસ્વામીના ભાઇની સાળી થાય. એટલે મહાવીરસ્વામીના વેવાઈ પક્ષમાં ગણાય. આ વાત નીચે પ્રમાણે રજૂ થઈ શકે:—




[1] એનાં ભંભાસાર અને બિંબિસાર એવાં પણ બે નામ છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાવીરસ્વામીના સાંસારિક પક્ષ વિષે મને જેટલી માહિતી મળી છે તેમાં જે બાબતો મને અદ્યાપિ જાણવા મળી નથી તેનો હું અહીં નિર્દેશ કરું છું અને એ સંબંધમાં સપ્રમાણ પ્રકાશ પાડવા સહૃદય સાક્ષરોને વિનવું છું.

(૧) ત્રિશલાનાં માતા પિતાનાં નામ શું છે? ચેટક ત્રિશલાના સગા ભાઈ જ થતા હોય તો એમને અંગે આ પ્રશ્ન પૂછવાનો કે વિચારવાનો રહેતો નથી.

(૨) સિદ્ધાર્થ એ મહાવીરસ્વામીની માસીના પુત્ર થાય છે તો આ માસીનું શું નામ છે?

(૩) સુપાર્શ્વ અને સિદ્ધાર્થ એ બે સગા ભાઈઓ હશે એમ માની હું એમનાં માતા પિતાનાં નામ શું છે એમ એક જ પ્રશ્ન રજૂ કરું છું.

(૪) મહાવીરસ્વામીએ દીક્ષા લીધી ત્યારે એમના પત્ની જીવતી હતી કે કેમ?


(૫) શેષવતીએ લગ્ન કર્યાં હતાં કે એ કુમારી જ રહી હતી? જો લગ્ન કર્યાં હતાં તો કોની સાથે?

(૬) ચેટકની સાત પુત્રીઓ પૈકી કોની કઈ માતા છે? એનાં નામો શું છે?

(૭) પદ્માવતીને શીલની રક્ષાર્થે જીભ કરડીને જીવનનો અંત લાવવો પડ્યો હતો તેવું એની કોઈ બીજી બેન માટે બન્યું છે ખરું?

(૮) મૃગાવતી, શિવા અને જયંતી તે જ ભવમાં મોક્ષે ગઈ તેમ અહીં નિર્દેશેલી બીજી કઈ કઈ સ્ત્રી માટે બન્યું છે?

અંતમાં મહાવીરસ્વામીના અંતિમ ભવનો સાંસારિક પક્ષ હું નીચે મુજબ દર્શાવી આ લેખાંક ૧ પૂર્ણ કરું છું.




## શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : ભાવનગર

**સુજ્ઞ સભાસદ બંધુ,**

સવિનય જણાવવાનું કે આપણી સભાના લાઈફ મેમ્બરોને આપવાના ભેટ પુસ્તક **ભારતીય દર્શનની રૂપરેખાની** બુક ૧ સંવત ૨૦૧૯-૨૦૨૦ની સાલની પોસ્ટેજ ૩૦ નયા મોકલી મંગાવી લેશો. ફાગણ માસના અંકમાં લખેલ સૂચના મુજબ જેઓએ નથી મંગાવી તેઓએ તુરત જ મંગાવી લેવા વિનંતિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી જૈન ધર્મ પ્રસારક

### સંવત ૨૦૧૭નાં આસો વદી અમાસના

#### આવક

| | | | | |
|---|---|---|---|---|
| **શ્રી મકાન ભાડા ખાતે** | | | | |
| મકાન નં. ૧ ના ભાડાના | ... | ... | ૧૬૪૯–૦૦ | |
| મકાન નં. ૨ ના ભાડાના | ... | ... | ૪૧૮–૮૭ | ૨૦૬૭–૮૭ |
| **શ્રી વ્યાજ ખાતે** | | | | |
| લોનનું વ્યાજ | ... | ... | ૬૦૦–૦૦ | |
| બેન્કનું વ્યાજ | ... | ... | ૪૦૯–૨૫ | ૧૦૦૯–૨૫ |
| **શ્રી પુસ્તકોના નફાના** | ... | ... | ... | ૬૬૪–૧૭ |
| **શ્રી સભાસદ ફી ખાતે** | ... | ... | ... | ૬–૨૫ |
| **શ્રી પરચુરણ આવક** | ... | ... | ... | ૨૮–૯૩ |
| | | | કુલ... | ૩૭૭૬–૪૭ |

### સંવત ૨૦૧૭ના આસો વદી

#### ફંડ તથા દેવું

| | | | | |
|---|---|---|---|---|
| **શ્રી જુદા જુદા ફંડો ખાતે :** | | | | |
| બીજા અંકીત કરેલાં ફંડ : | | | | |
| અન્ય ફંડો ( પરિશિષ્ટ મુજબ ) | ... | ... | ... | ૮૨૭૫૮–૮૭ |
| **શ્રી લોન ( તારણવાળી )** | | | | |
| ત્રીભોવનદાસ ભાણજી જૈન કન્યાશાળા | | ... | ... | ૩૬૧૬–૯૭ |
| **શ્રી જવાબદારીઓ :** | | | | |
| અન્ય જવાબદારીઓ | ... | ... | ... | ૨૦૭૩–૦૫ |
| **શ્રી આવક–ખર્ચ ખાતે :** | | | | |
| ગયા વર્ષના સરવૈયા મુજબ | ... | ... | ૩૬૬૮–૦૫ | |
| ઉમેરો : વર્ષ દરમ્યાન ખર્ચ કરતાં આવકનાં વધારાનાં આવક ખર્ચ ખાતાનાં હિસાબ મુજબ | | | ૬૨૦–૪૩ | ૪૨૮૮–૪૮ |
| | | | કુલ... | ૯૨૭૩૭–૩૭ |

### ઓડીટર્સ રિપોર્ટ

અમોએ ઉપરનું શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગરનું સં. ૨૦૧૭ના આસો વદી અમાસના રોજનું સરવૈયું તથા તે જ દિવસે પૂરા થતાં વર્ષનો આવક ખર્ચનો હિસાબ સંસ્થાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસેલ છે અને અમોને આપવામાં આવેલી માહિતી તથા ખુલાસાઓ પ્રમાણે તથા સંસ્થાએ અમારી સમક્ષ રજુ કરેલ ચોપડામાં દર્શાવ્યા મુજબ બરાબર માલુમ પડેલ છે.

**ભાવનગર**
તા. ૨૯–૧–૬૩

**Sanghavi & Co.**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સભા-ભાવનગર

રોજ પુરા થતાં વર્ષના આવક-ખર્ચના હિસાબ

ખર્ચ

| | | | | |
|---|---|---|---|---|
| **શ્રી મિલ્કત અંગેના ખર્ચ :** | | | | |
| મકાન રીપેરીંગ ખર્ચ | ... | ... | ... | ૮૮-૩૪ |
| **શ્રી વહીવટી ખર્ચ** | ... | ... | ... | ૭૧૦-૮૮ |
| **શ્રી ધાર્મીક ખર્ચ** | ... | ... | ... | ૨૩૫૬-૮૨ |
| **શ્રી ખર્ચ કરતાં આવકનાં વધારાના સરવૈયામાં લઈ ગયા તે** | | | ... | ૬૨૦-૪૩ |
| | | | કુલ... | ૩૭૭૬-૪૭ |

અમાસના રોજનું સરવૈયું

મિલ્કત તથા લેણું

| | | | | |
|---|---|---|---|---|
| **શ્રી મકાન ખાતે :** | | | | |
| ગયા વર્ષના સરવૈયા મુજબ | ... | ... | ... | ૫૦૦૦૦-૦૦ |
| **શ્રી જંગમ મિલ્કત :** | | | | |
| પુસ્તક સ્ટોક | ... | ... | ૧૦૧૦૩-૦૫ | |
| લાઇબ્રેરી પુસ્તક સ્ટોક (ગયા વર્ષ મુજબ) | | ... | ૬૮૯૯-૮૯ | ૧૭૦૦૨-૯૪ |
| **શ્રી લેણું :** | | | | |
| ભાડુતો પાસે | ... | ... | ૧૧૨૪-૫૦ | |
| મેમ્બરો પાસે | | | ૩૭૪-૧૯ | |
| પરચુરણ લેણું | ... | ... | ૧૨૨-૨૮ | ૧૬૨૦-૯૭ |
| **શ્રી ડીપોઝીટ :** | | | | |
| ભાવનગર ઇલેક્ટ્રીસીટી કું. લી. | ... | ... | ... | ૧૦-૦૦ |
| **શ્રી જૈન ધર્મ પ્રકાશ ખાતે** | | | | ૧૩૦૮-૮૨ |
| **શ્રી બેન્ક બેલેન્સ તથા રોકડ પુરાંત :** | | | | |
| સ્ટેટ બેન્ક ઓફ સૌ. ફીક્સ ડીપોઝીટ | ... | ... | ૧૭૦૦૦-૦૦ | |
| યુ. કો. બેન્ક ફીક્સ ડીપોઝીટ | ... | ... | ૪૪૦૦-૦૦ | |
| સ્ટેટ બેન્ક ઓફ સૌ. સેવીંગ્ઝ | ... | ... | ૧૦૦૦-૩૩ | |
| શ્રી રોકડ પુરાંત | ... | ... | ૩૯૪-૩૧ | ૨૨૭૯૪-૬૪ |
| | | | કુલ... | ૯૨૭૩૭-૩૭ |

ટ્રસ્ટી

દીપચંદ જીવણલાલ શાહ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

## ફંડોનું પરિશિષ્ટ સંવત ૨૦૧૭

| ફંડો | બાકી દેવા | વર્ષ દરમ્યાન ઉમેરો | કુલ | વર્ષ દરમ્યાન ખર્ચ | વર્ષ આખર બાકી દેવા |
|---|---|---|---|---|---|
| લાઇફ મેમ્બર ફી | ૫૬૯૯૧–૭૫ | — | ૫૬૯૯૧–૭૫ | — | ૫૬૯૯૧–૭૫ |
| જીવદયા | ૧૬૮૧૯–૫૩ | ૪૧૮–૮૭ | ૧૭૨૩૮–૪૦ | — | ૧૭૨૩૮–૪૦ |
| કારતક શુદ ૬ ટીકીન ફંડ ખાતુ | ૫૦૦–૦૦ | ૩૩–૭૨ | ૫૨૩–૭૨ | ૩૩–૭૨ | ૫૦૦–૦૦ |
| સભાની વર્ષગાંઠનું ખાતું | ૪૮૬૮–૬૯ | ૪૪૭–૨૫ | ૪૪૨૯–૯૪ | ૭૦૫–૫૧ | ૪૪૨૪–૪૩ |
| માછલાની જાળનું ખાતું | ૫૪૦–૨૮ | — | ૫૪૦–૨૮ | — | ૫૪૦–૨૮ |
| કારતક શુદ ૨ પ્રભાવના ખાતું | ૨૯૭–૬૨ | — | ૨૯૭–૬૨ | — | ૨૯૭–૬૨ |
| કુંવરજી આ. સ્વ. તિથિ ફંડ ખાતું | ૪૦૦–૦૦ | ૩૫–૪૧ | ૪૩૫–૪૧ | ૩૫–૦૦ | ૪૦૦–૦૦ |
| અટ્ટમાતી તપસ્યા ફંડ ખાતું | ૨૩૪–૩૯ | — | ૨૩૪–૩૯ | — | ૨૩૪–૩૯ |
| શ્રાવક શ્રાવિકા ખાતું | ૫૫૭ ૮૯ | — | ૫૫૭–૮૯ | — | ૫૫૭–૮૯ |
| પારેવાની જુવાર ખાતું | ૫૪૭–૭૭ | — | ૫૪૭ ૭૭ | — | ૫૪૭–૭૭ |
| બેન મોંઘી લગ્ન સ્મારક ફંડ | ૧૦૨૬–૩૪ | — | ૧૦૨૬-૩૪ | — | ૧૦૨૬–૩૪ |
| કુલ રૂપીયા | ૮૧૭૮૪-૨૬ | ૯૩૫–૨૫ | ૮૨૮૨૩–૫૧ | ૭૭૪–૨૩ | ૮૨૭૫૮–૮૭ |

ભાવનગર
તા. ૨૯–૧-૬૩

Sanghavi & Co,
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

દીપચંદ જીવણલાલ શાહ
ટ્રસ્ટી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ઘંટાકર્ણના ભક્તો વિચારે

**જાણો છો ?** જૂના જમાનામાં ઘંટાકર્ણને બકરાનું બલિદાન અપાતું હતું, તેને ભેટ ચડાવવા માટે હણેલા બકરાનાં લોહીનાં બિંદુઓથી તેના ભક્તો લલાટને અંકિત કરતા હતા. તે લોહીનાં તિલક કરનાર માટે સંસ્કૃતમાં-અનેકાર્થ કોશોમાં 'ચિત્ર(ત્રા)ટીર' શબ્દ-પ્રયોગ મળી આવે છે. નીચે જણાવેલા પ્રાચીન પ્રસિદ્ધ ૪ કોશોના પ્રામાણિક પાઠો વાંચવા-વિચારવાથી તેની સ્પષ્ટ પ્રતીતિ થશે કે ચંદ્ર અર્થ સિવાય, તેવા અર્થમાં તે શબ્દ વપરાતો હતો.

( ૧ )

" चित्र(त्रा)टीरो विधौ, भालमङ्कितं येन तत्र च ।
घण्टाकर्णोपहाराय. हत–च्छागास्र-बिन्दुभिः ॥ "

—**મેદિની** કોશ [ જીવાનન્દ વિદ્યાસાગર ભટ્ટાચાર્ય દ્વારા ઇ. સન ૧૮૭૨ માં કલિકાતામાં મુદ્રિત; પૃ. ૧૯૨, શ્લો. ૨૬૨, ૨ ચતુષ્ક ]

( ૨ )

" चित्राटीरो विधौ, भालमङ्कितं येन तत्र च ।
घण्टाकर्णोपहाराय, हत–च्छागास्र–बिन्दुषु ॥ "

—**શબ્દરત્નસમન્વય** કોશ [ તાંજોર નરેશ શાહરાજદ્વારા રચિત, ગાયકવાડ ઓ. સિરીઝ નં. ૫૯, સન ૧૯૩૨ માં પ્ર. પૃ. ૨૮૭ માં ૨ ચતુર્થમાં ].

( ૩ )

" चित्राटीरस्तु रजनीपतौ ।
घण्टाकर्णबलि–हत–च्छागास्र तिलकेऽपि च ॥ "

—શ્રીધરસેને ( દિ. જૈને ) રચેલ **વિશ્વલોચન** કોશમાં, [ આકલૂજ–નિવાસી નાથારંગજી ગાંધી દ્વારા નિ. સા. પ્રકાશિત–પૃ. ૩૨૧ માં, ૨ ચતુર્થમાં, શ્લો. ૨૬૭, ૨૬૮ ]

( ૪ )

કલિકાલ–સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યના **અનેકાર્થ–સંગ્રહ** કોશમાં, ચતુઃસ્વરકાંડમાં પણ એવો શ્લોક ૧૬૨૫, ૨૬, છે કે—

" चित्राटीरो घण्टाकर्ण–बलिच्छागास्र बिन्दुभिः ॥
अङ्कितभाले चन्द्रे च ॥ "

—ત્યાં તેની ટીકામાં સ્પષ્ટતા છે કે—

" घण्टाकर्णो यक्षस्तस्य बलि निमित्तं हतो यश्छागस्तस्यास्रं रक्तं,
तस्य ये बिन्दवस्तैरङ्कितं भालं यस्य, तस्मिन्नित्यर्थः ॥ "

—નિર્ણયસાગર પ્રેસની શક ૧૮૧૮ ની અભિધાન–સંગ્રહ આવૃત્તિમાં, નં. ૮, પૃ. ૫૧ જુઓ.

—એવા દેવ, જૈનોથી–સમ્યગ્દૃષ્ટિ સજ્જનોથી કેવી રીતે માની–મનાવી શકાય ? એ એમણે ખાસ વિચારવું જોઈએ.

સં. ૨૦૨૦ ફા. શુ. ૮
વડીવાડી, વડોદરા

નિવેદક—
**લાલચંદ ભગવાન ગાંધી**
[ નિવૃત્ત 'જૈન પંડિત' પ્રાચ્યવિદ્યામંદિર ]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### શ્રી જૈન ધર્મ પ્રસારક

સંવત ૨૦૧૮ નાં આસો વદી અમાસના

**આવક**

| | | |
|---|---|---|
| **શ્રી મકાન ભાડા ખાતે** | | |
| મકાન નં. ૧ ના ભાડાના ... ... | ૧૫૨૨–૦૦ | |
| મકાન નં. ૨ ના ભાડાના ... ... | ૩૮૬–૮૧ | ૧૯૦૮–૮૧ |
| **શ્રી વ્યાજ ખાતે** | | |
| બેન્કનું વ્યાજ ... ... | ... | ૨૭૭–૭૨ |
| **શ્રી પુસ્તકોના નફાના** ... ... | ... | ૪૨–૮૭ |
| **શ્રી આવક કરતાં ખર્ચનાં વધારાના સરવૈયામાં લઈ ગયા તે** | ... | ૨૮૧૨–૩૩ |
| | કુલ... | ૫૦૪૧–૭૩ |

સંવત ૨૦૧૮ ના આસો વદી

**ફંડ તથા દેવું**

| | | |
|---|---|---|
| **શ્રી જુદા જુદા ફંડો ખાતે :** | | |
| બીજા અંકીત કરેલાં ફંડ : | | |
| અન્ય ફંડો (પરિશિષ્ટ મુજબ) ... ... | ... | ૮૩૫૧૯–૨૩ |
| **શ્રી લોન (તારણવાળી)** | | |
| ત્રીભોવનદાસ ભાણજી જૈન કન્યાશાળા ... | ... | ૩૭૫૨–૬૧ |
| **શ્રી જવાબદારીઓ :** | | |
| અન્ય જવાબદારીઓ ... ... | ... | ૧૭૦૪–૫૨ |
| **શ્રી આવક–ખર્ચ ખાતે :** | | |
| ગયા વર્ષના સરવૈયા મુજબ ... ... | ૪૨૮૮–૪૮ | |
| બાદ : વર્ષ દરમ્યાન ખર્ચ કરતાં આવકનાં વધારાનાં આવક ખર્ચ ખાતાનાં હિસાબ મુજબ | ૨૮૧૨–૩૩ | ૧૪૭૬–૧૫ |
| | કુલ... | ૯૦૪૫૨–૫૧ |

### ઓડીટર્સ રિપોર્ટ

અમોએ ઉપરનું શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગરનું સં. ૨૦૧૮ ના આસો વદી અમાસના રોજનું સરવૈયું તથા તે જ દિવસે પૂરા થતાં વર્ષનો આવક ખર્ચનો હિસાબ સંસ્થાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસેલ છે અને અમોને આપવામાં આવેલી માહિતી તથા ખુલાસાઓ પ્રમાણે તથા સંસ્થાએ અમારી સમક્ષ રજુ કરેલ ચોપડામાં દર્શાવ્યા મુજબ બરાબર માલુમ પડેલ છે.

ભાવનગર
તા. ૨૮–૨–૬૪

Sanghavi & Co.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સભા– ભાવનગર

રોજ પુરા થતાં વર્ષનો આવક–ખર્ચનો હિસાબ

ખર્ચ

| | | | | |
|---|---|---|---|---|
| **શ્રી મિલ્કત અંગેનો ખર્ચ :** | | | | |
| મકાન રીપેરીંગ ખર્ચ | ... | ... | ૧૧૨–૯૨ | |
| વીમા ખર્ચ | ... | ... | ૫૭–૫૭ | ૧૭૦–૪૯ |
| **શ્રી વહીવટી ખર્ચ** | ... | ... | ... | ૫૭૪–૨૬ |
| **શ્રી કોર્ટ ખર્ચ** | ... | ... | ... | ૧૦–૦૦ |
| **શ્રી પરચુરણ ખર્ચ** | ... | ... | ... | ૨૩૫–૨૧ |
| **શ્રી રીઝર્વ ફંડ ખાતે લીધેલી રકમો** | | ... | ... | ૨૧૩–૯૧ |
| **શ્રી ધાર્મીક ખર્ચ** | ... | ... | ... | ૩૮૩૭–૮૬ |
| | | | કુલ... | ૫૦૪૧–૭૩ |

અમાસના રોજનું સરવૈયું

મિલ્કત તથા લેણું

| | | | | |
|---|---|---|---|---|
| **શ્રી મકાન ખાતે :** | | | | |
| ગયા વર્ષના સરવૈયા મુજબ | ... | ... | ... | ૫૦૦૦૦–૦૦ |
| **શ્રી જંગમ મિલ્કત :** | | | | |
| પુસ્તક સ્ટોક | ... | ... | ૯૯૭૪–૦૦ | |
| લાઇબ્રેરી પુસ્તક સ્ટોક (ગયા વર્ષ મુજબ) | | ... | ૬૮૯૯–૮૯ | ૧૬૮૭૩–૮૯ |
| **શ્રી લેણું :** | | | | |
| ભાડુતો પાસે | ... | ... | ૬૬૮–૦૦ | |
| મેમ્બરો પાસે | | | ૧૪૮–૫૦ | ૮૧૬–૫૦ |
| **શ્રી ડીપોઝીટ :** | | | | |
| ભાવનગર ઇલેક્ટ્રીસીટી કું. લી. | ... | ... | ... | ૧૦–૦૦ |
| **શ્રી બેન્ક બેલેન્સ તથા રોકડ પુરાંત :** | | | | |
| સ્ટેટ બેન્ક ઓફ સૌ. ફીક્સ ડીપોઝીટ | ... | ... | ૧૭૦૦૦–૦૦ | |
| યુ. કો. બેન્ક ફીક્સ ડીપોઝીટ | ... | ... | ૪૪૦૦–૦૦ | |
| સ્ટેટ બેન્ક ઓફ સૌ. સેવીંગ્ઝ | ... | ... | ૭૩૦–૮૦ | |
| પોસ્ટલ સ્ટેમ્પ | ... | ... | ૪૨–૦૦ | |
| શ્રી રોકડ પુરાંત | ... | ... | ૫૭૯–૩૨ | ૨૨૭૫૨–૧૨ |
| | | | કુલ... | ૯૦૪૫૨–૫૧ |

ટ્રસ્ટી
દીપચંદ જીવણલાલ શાહ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર

## ફંડોનું પરિશિષ્ટ સં. ૨૦૧૮

| ફંડો | બાકી દેવા સં. ૨૦૧૭ | ઉમેરો ભેટ આવક | ઉમેરો વ્યાજ આવક | ઉમેરો અન્ય આવક | ઉમેરો કુલ આવક | એકંદર કુલ રકમ | ચાલુ સાલમાં થયેલ ખર્ચ | બાકી દેવા વર્ષ આખર |
|---|---|---|---|---|---|---|---|---|
| લાઇફ મેમ્બર ફી ફંડ | ૫૬૯૯૧-૭૫ | ... | ... | ... | ... | ૫૬૯૯૧-૭૫ | ... | ૫૬૯૯૧-૭૫ |
| જીવદયા ફંડ | ૧૭૨૩૮-૪૦ | ... | ... | ૩૮૬-૮૧ | ૩૮૬-૮૧ | ૧૭૬૨૫-૨૧ | ૨-૭૪ | ૧૭૬૨૨-૪૭ |
| ચા-ટીફીન ફંડ (કારતક સુ. ૬) | ૫૦૦-૦૦ | ... | ૩૦-૦૦ | ૪-૬૨ | ૩૪-૬૨ | ૫૩૪-૬૨ | ૩૪-૬૨ | ૫૦૦-૦૦ |
| સભાની વર્ષગાંઠ ફંડ (શ્રા. સુ. ૩) | ૪૪૨૪-૪૩ | ... | ૧૬૫-૯૧ | ... | ૧૬૫-૯૧ | ૪૫૯૦-૩૪ | ૨૯-૮૭ | ૪૫૬૦-૪૭ |
| માછલાની જાળ ફંડ (શ્રા. સુ. ૩) | ૫૪૦-૨૮ | ... | ... | ... | ... | ૫૪૦-૨૮ | ... | ૫૪૦-૨૮ |
| પ્રભાવના ખાતું (કા. સુ. ૨) | ૨૯૭-૬૨ | ... | ... | ... | ... | ૨૯૭-૬૨ | ... | ૨૯૭-૬૨ |
| કુંવરજી આણંદજી સ્વ. તિથી ફંડ | ૪૦૦-૦૦ | ... | ૧૮-૦૦ | ૧૫-૩૧ | ૩૩-૩૭ | ૪૩૩-૩૭ | ૩૩-૩૭ | ૪૦૦-૦૦ |
| અઠ્ઠમાતી તપસ્યા પ્રભાવના ફંડ | ૨૩૪-૩૯ | ... | ... | ... | ... | ૨૩૪ ૩૯ | ... | ૨૩૪-૩૯ |
| શ્રાવક શ્રાવીકા ફંડ | ૫૫૭-૮૯ | ... | ... | ... | ... | ૫૫૭-૮૯ | ૪૦-૦૦ | ૫૧૭-૮૯ |
| પારેવાની જુવાર ફંડ | ૫૪૭-૭૭ | ... | ... | ... | ... | ૫૪૭-૭૭ | ૧૦-૨૫ | ૫૩૭-૫૨ |
| મોંઘીબેન લગ્ન સ્મારક ફંડ | ૧૦૨૬-૩૪ | ... | ... | ... | ... | ૧૦૨૬-૩૪ | ... | ૧૦૨૬-૩૪ |
| પુસ્તક ફંડ (છપાવવા માટે) | ... | ૨૦૦૦-૦૦ | ... | ... | ૨૦૦૦-૦૦ | ૨૦૦૦-૦૦ | ૧૭૦૯-૫૦ | ૨૯૦-૫૦ |
| કુલ રૂપીયા | ૮૨૭૫૮-૮૭ | ૨૦૦૦-૦૦ | ૨૧૩-૯૧ | ૪૦૬-૭૪ | ૨૬૨૦-૭૧ | ૮૫૩૭૯ ૫૮ | ૧૮૬૦-૩૫ | ૮૩૫૧૯-૨૩ |

ભાવનગર
તા. ૨૮-૨-૬૪

Sanghavi & Co,
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

દીપચંદ જીવણલાલ શાહ
ટ્રસ્ટી



For Private And Personal Use Only

( ટાઈટલ પેજ ૪ થી શરૂ )

THE BOOK CONTAINS

Part I. Outology ( The nature of reality )

Part II. Etistemology

A. Anekantvada

B. Nayavada

C. Syadvada.

**(૩) શ્રી સીમંધરસ્વામિ સ્તવનાવલી :** પ્રકાશક–કાંતિલાલ રાયચંદ, સાણંદ. શ્રી ડોસાભાઈ અભેચંદની પેઢી તરફથી મળેલ ભેટ પુસ્તક.

વિહરમાન શ્રી જિનેશ્વર પરમાત્માઓ અગર જો કે વીશ છે છતાં ભરતનો ભવી જીવ પ્રથમ પદે બિરાજમાન શ્રી સીમંધરસ્વામિને વધારે યાદ કરતો હોય છે કારણ કે ક્ષેત્રથી દેવાધિદેવ શ્રી સીમંધરસ્વામિ અન્ય વિહરમાન પરમાત્માઓની અપેક્ષાએ નિકટવર્તી છે.

મોટા ભાગના કવિઓએ શ્રી સીમંધરસ્વામિને નાનું અથવા મોટું કાવ્ય રચીને વિનવવાનું ભૂલેલ નથી. શ્રી સીમંધરસ્વામિના દરેક કાવ્યોમાં દરેક રસ માલુમ પડે છે. એમાં ખાસ કરીને કરૂણરસ અને શાંતરસને અગ્રસ્થાન આપેલ છે. વિરહની વેદના અને પ્રેમનો ઉત્કર્ષ અને પશ્ચાત્તાપની ઉર્મિઓ પણ કોઈ કોઈ કાવ્યોમાં નજરે પડે છે.

વિહરમાન શ્રી સીમંધરસ્વામિને લગતા કાવ્યો, ચૈત્યવંદનો, સ્તુતિઓ, સ્તવનો, ઢાળો વગેરેનો આ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવેલ છે. સંગ્રહકર્તાએ પોતાનું નામ આપેલ નથી. આ પુસ્તક જિજ્ઞાસુને આદરણીય બને તેવી પ્રાર્થના.

—: પ્રસિદ્ધ થઇ ગયું છે. હવે ફક્ત થોડીક જ નકલો સીલીકે છે :—

**ચોસઠ પ્રકારી પૂજા—અર્થ અને કથાઓ સહિત**

આ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ તેની નકલો ચપોચપ ઉપડી રહી છે. આ જાતનું પ્રકાશન ઘણાં વર્ષો પછી થયેલ છે એટલે આપે આપની નકલ તરત જ મંગાવી લેવી.

આ પુસ્તકમાં શ્રી નવપદજીની ઓળીમાં આઠે દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને હૃદયંગમ ભાષામાં **સ્વ. શ્રીયુત કુંવરજી આણંદજીએ** લખેલ અર્થ આપવામાં આવેલ છે જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી જ સરળતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી પચીશ કથાઓ પણ સરળ ભાષામાં આપવામાં આવી છે જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે.

ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂ. ત્રણ રાખવામાં આવેલ છે.

પોસ્ટેજ ૭૫ નવા પૈસા | **લખો :–શ્રી જૈનધર્મ પ્રસારક સભા–ભાવનગર**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50

# समालोचना

**(૧) વેરના વમળમાં** ( આવૃત્તિ બીજી ) : સંપાદક અને અનુવાદક–મુનિશ્રી ગુણભદ્રવિજય. પ્રકાશક–શ્રી પાર્શ્વનાથ જૈન ધર્મ પ્રચારક મંડળ, માંગરોળ ( સૌરાષ્ટ્ર ). સંવત ૨૦૨૦. મૂલ્ય : રૂા. ૫)

આ પુસ્તકના પ્રથમ ભાગમાં શ્રી પાર્શ્વકુમાર અને કમઠ પ્રથમ ભવથી લઈને દશમા ભવ સુધી વૈરવૃત્તિના લીધે જ સંસારમાં રખડે છે. પ્રત્યેક ભવમાં કમઠની વૃત્તિ તામસી છે જ્યારે પાર્શ્વકુમારની વૃત્તિ સાત્વિક અને ક્ષમારૂપ છે. ચરિત્રકારે પ્રારંભથી લઈને અંતિમ સુધી કથામાં સહેજ પણ નિરસતા આવવા દીધી નથી.

આ પુસ્તકના બીજા ભાગમાં મંત્ર–યંત્ર આદિનો સંગ્રહ કરેલ છે. જૈનાચાર્યોએ શાસનની પ્રભાવના ખાતર તેમ જ પ્રત્યેક મનુષ્યના સુખની ઝંખનાની પૂર્તિ ખાતર મંત્રોની રચના કરી છે. મંત્રો ત્યારે જ ફળ આપે છે જ્યારે મન એકાગ્ર બને છે. અંતઃકરણની શુદ્ધિ વગર મંત્રો સંપૂર્ણ રીતે ફળ આપી શકતા નથી માટે મંત્રોની ઉપાસનાની સાથે આત્મિક શક્તિઓનો પણ વિકાસ થવો જોઈએ એમ સાધકે બરાબર ધ્યાન આપવાની જરૂર છે. આ ગ્રંથમાં મંત્ર વિભાગના સંગ્રહમાં બતાવવામાં આવેલ પૂર્વાચાર્યોના મંત્રો તેમ જ યંત્રો મહાચમત્કારી ફળને આપનારા છે.

આ ગ્રંથમાં જ્યોતિષ વિભાગ અને હસ્તરેખા વિભાગ ચિત્ર સહિત આપેલા છે.

અંતમાં આ પુસ્તક ધર્મ અને સમાજના ઉત્કર્ષમાં યત્કિંચીત્ ઉપયોગી બને એમ ઈચ્છું છું.

**(2)** A Comparative Study of the Jain theories of reality and knowledge : by The Late Dr. Y. J. Padmarajiah M.A.D. Philo ( oxon ) Mysore India. Published by Jain Sahitya Vikas Mandal 112, Ghodbundar Road Vila Parla Bombay 56. Price Rs. 15/-

Although the book contains Jaina Philosophy, it also includes treatment of many other schools of Indian Philosophy, as well as consideration of Western Philosophical theories. It displays a wide competence in all these various branches of Philosophy. The book has been an important contribution to the study of Indian Philosophy.

( અનુસંધાન ટાઈટલ પેજ ૩ જું )

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય–ભાવનગર

For Private And Personal Use Only